# ૧૮ રમતાં-રમતાં

D5Y3V4



બધાં બાળકો શેરીમાં **'પગથિયાંની રમત'** (hopscotch-હોપસ્કોચ) રમતાં હતાં. અવંતિકા અને તેની બહેન નંદિતા પણ રમતી હતી. પરંતુ નંદિતા આ રમત સારી રીતે રમી શકતી ન હતી. તેને આ રમત અંગે ખાસ જાણ ન હતી.

Y6J6B5

અવંતિકા : નંદિતા, મને ધ્યાનથી સાંભળ. રમતને સમજ, **ઠીકરું** પહેલા ખાનામાં નાખ. પછી એક પગે એક ખાનું કૂદી બીજા ખાનામાં પગ મૂક. યાદ રાખ, જ્યાં ૪-૫ અને ૭-૮ લખ્યું છે ત્યાં જ રમનાર બંને પગ મૂકી શકે છે. તારા પગ દોરેલી લીટીને અડે નહિ તેનું ધ્યાન રાખજે. જો અડી જશે, તો તું રમતમાં આઉટ (out) થઈશ. જ્યારે તું છેલ્લા ખાના પાસે પહોંચે ત્યારે રમનારે પાછું ફરવું. જ્યારે તું પાછી ફરે ત્યારે ઠીકરું ઉઠાવી તેને પાછું લાવવું. એક વખત આ રીતે કરી લીધા પછી હવે, ઠીકરું તેના પછીના ખાનામાં નાખવું. આ જ રીતે, ઠીકરું વારાફરતીએક પછી એક ખાનામાં નાખીને રમત આગળ વધારવી.

આ પાઠમાં સ્થાનિક રમતો જેમ કે પગથિયાંની રમત, સાતોડિયું વગેરે રમત રમવા માટે વસ્તુઓ ઉપયોગમાં લેવાતી હોય, જેમ કે ઠીકરું બતાવેલ છે. હજુ પણ ઘણી બધી રમતોની સ્થાનિક વિવિધતા અને સ્થાનિક બોલીના આધારે નામ છે. તેના પરની ચર્ચાથી આ પાઠ બાળકોને વધુ સુસંગત થશે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

બાળકોએ ફરીથી રમવાનું શરૂ કર્યું. ઘણા સમયથી કાકી તેમને રમતા જોઈ રહ્યાં હતાં. કાકીને પણ તેમની સાથે રમવાની ઇચ્છા થઈ. તે પૂછયાં વગર રહી શક્યાં નહિ. કાકીએ કહ્યું: ‘‘હું તમારી સાથે રમી શકું ?’’ આ સાંભળી રમતાં બધાં બાળકો મોટેથી હસવા લાગ્યાં.

અવંતિકા : કાકી, તમે રમશો ?

કાકી : શું તું એમ વિચારે છે કે, હું પગથિયાંની રમત ના રમી શકું ? તારી જેટલી ઉંમરે હું ઘણી બધી રમતો રમતી હતી.

નંદિતા : કાકી, તમે કઈ-કઈ રમતો રમતાં હતાં ?

કાકી : લંગડી, સંતાકૂકડી, સાતોડિયું અને બીજી ઘણી રમતો અમે રમતાં. કબડ્ડીમાં અમારી ટુકડી આસપાસનાં ગામની ટુકડીઓમાં સૌથી સારી કહેવાતી હતી.

રજત : કાકી, તમને રમવા આટલો સમય કેવી રીતે મળતો હતો ? અમને તો રમવા માટે સમય જ નથી.


કાકી : ન જ મળે. તમે આખો દિવસ ટી.વી. જોવામાં જ રહો છો.

નંદિતા : કાકી, કાકા પણ આ બધી રમતો રમતા હશે ?

કાકી : તેઓ લખોટીઓ, સાતોડિયું, કુસ્તી, કબડ્ડી, ગિલ્લીદંડા અને બીજી ઘણી રમતો રમતા. જ્યારે તે પતંગ ઉડાડે, ત્યારે તો તે જમવાનું પણ ભૂલી જતા!

નંદિતા : કાકી, વાતો ન કરો અહીં આવો. આપણે રમીએ.

કાકીએ બાળકો સાથે રમવાનું શરૂ કર્યું. તેઓ થોડો સમય રમ્યાં અને વરસાદ ચાલુ થઈ ગયો.



## વિચારો અને લખો :

તમે કઈ-કઈ રમતો રમો છો?

| | | |
|---|---|---|
| | | |
| | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



બધાં બાળકો : અરેરે !

કાકી : ચાલો, બાળકો ઘરમાં રમવા જઈએ. બધાં બાળકો આ સાંભળી રાજી થઈ ગયાં.

બધાં બાળકો : હા ચાલો, કાકીનાં ઘરમાં રમવા જઈએ.

બધાં કાકીનાં ઘરમાં આવ્યાં. ઘરમાં અંદર કાકા અને ફોઈ ચેસ રમતાં હતાં.

અવંતિકા : આપણે શું રમીશું ?

રજત : ચાલો, આપણે 'ઘર ઘર' રમીએ.

બધાં બાળકો : 'ઘર ઘર' રમવા તૈયાર થયાં.

રજત : જો આપણી પાસે ઢીંગલી હોય તો આપણે તેની સાથે રમી શકીએ.

કાકી : શું તમને ઢીંગલી જોઈએ છે ? ચાલો, આપણે ઢીંગલી બનાવીએ.

કાકી થોડાં જૂનાં કપડાં લઈ આવ્યાં. કાકીની મદદથી બાળકોએ ઢીંગલી બનાવી.

થોડાં બાળકોને કૅરમ અને બીજાંને ચેસની રમત રમવી હતી. તેઓએ જૂથ બનાવ્યાં અને રમવાનું ચાલુ કર્યું.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વિચારો અને લખો :

નીચે આપેલા કોષ્ટકમાં પાઠમાં આપેલી બધી રમતોનાં નામ લખો. જે રમતો ઘરમાં રમાતી હોય તેની સામે દોરો. જે રમતો ઘરની બહાર રમાતી હોય તેની સામે દોરો. રમત રમવા જોઈતા ખેલાડીઓની સંખ્યા લખવાનું ભૂલશો નહિ. જો બીજી વસ્તુઓ રમત માટે જરૂરી હોય તો નામ લખો.

| પાઠમાં દર્શાવેલી રમતો | / | ખેલાડીઓની સંખ્યા | જોઈતી વસ્તુઓ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

ઘણાં બાળકોને કોષ્ટક પૂરું કરવા મદદની જરૂર પડે. બાળકોને એકબીજાંની મદદ કરવા પ્રોત્સાહિત કરો. બાળકો એકબીજાં પાસેથી સરળતાથી શીખે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

શું તમે પગથિયાંની રમત જેવી બીજી કોઈ રમત રમો છો ?

આ રમતનું નામ શું છે ?

રમતનું ચિત્ર દોરો.

## યાદ કરો અને લખો :

❋ શું તમે તમારા કુટુંબના સભ્યો સાથે રમતો રમો છો ?

| કુટુંબના સભ્ય | રમતનું નામ |
|---|---|
| ________________ | ________________ |
| ________________ | ________________ |
| ________________ | ________________ |
| ________________ | ________________ |
| ________________ | ________________ |
| ________________ | ________________ |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

❇ તમારા વિસ્તારના કોઈ પ્રખ્યાત રમતવીરને જાણો છો ? હા, તો તેઓનું નામ અને રમત અંગે લખો.

______________________________________________

______________________________________________


❇ દડા (ball-બૉલ) થી રમી શકાય એવી કેટલી રમતો તમે જાણો છો ? તેમનાં નામ દડામાં લખો.

❇ શું તમે લજ્જા ગોસ્વામી વિશે સાંભળ્યું છે ? તે કઈ રમત રમે છે ? રમત શોધી કાઢો અને તેનું નામ લખો.

______________________________________________

❇ બીજી કઈ-કઈ રમતો તમને વધુ પસંદ છે ?

______________________________________________



## પૂછો અને લખો :

વડીલોને પૂછો. જ્યારે તેઓ બાળક હતા ત્યારે કઈ રમતો રમતા હતા ?

________________ ________________ ________________

________________ ________________ ________________

પ્રખ્યાત સ્થાનિક રમતવીર વિશે માહિતી એકત્ર કરી, બાળકોમાં રમતો વિશે જ્ઞાનમાં વધારો થાય અને તેમનામાં તે લોકો વિશે માન પેદા થાય તેવી ચર્ચાનું આયોજન કરવું.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વિચારો અને લખો :


ઉખાણાં (riddles-રિડલ્સ)ને ચિત્રો સાથે જોડો. આપેલી જગ્યામાં રમતનું નામ લખો.

કાચના એ કંચા નાનાં,
જે જીતે એ રહે ન છાનાં.
જે કંચાને તાકી જાય,
એ વિજેતા જાહેર થાય.

______________

જો સાપ પર તમે આવી જાવ,
આનાથી તો ન ગભરાવ.
રમતમાં સીડી પણ આવી જાય,
તુરંત આગળ પહોંચી શકાય.

______________



સફેદ-કાળા પાટિયા પર,
રાજા, રાણી ને ઘોડો છે.
નાનામોટા સૈનિક અનેકો,
મગજ વાપરે તે થાય છે એક્કો.

______________

તેને પાંખો નથી પણ ઊડી શકે,
દૂર-દૂર સુધી એ જઈ શકે.

______________

રાજા, રાણી, એક્કો ને ગુલામ,
બધાં મળીને થાય કુલ બાવન.

______________

ચોગ્ગા અને છક્કાના રન મળે,
રન મળે તો શતક બને.

______________

બાળકોએ પાઠમાં દર્શાવેલી અમુક રમત રમી હશે. કેટલીક રમતો તેમણે જોઈ હશે, સાંભળી હશે, વાંચ્યું હશે અથવા ચલચિત્રોમાં રમાતી જોઈ હશે. આ બધી તમારી ચર્ચામાં લઈ શકો છો.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

રમત રમવા ઉપરાંત, તમને બીજું શું કરવું ગમે છે ?

## રંગ પૂરો :

તમારા કુટુંબના સભ્યો બીજું શું કામ કરે છે ? તમારા કુટુંબના સભ્યો નવરાશની પળોમાં શું કરે છે ? તે ચિત્રોમાં રંગ ભરો. જરૂર જણાય ત્યાં ચિત્ર દોરો અને લખો.


વાંચવું


સીવણકામ અને ભરતકામ કરવું


નૃત્ય કરવું


વાતો કરવી


છોડની સંભાળ રાખવી


ટપાલટિકિટ સંગ્રહ કરવી



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in